# -:શિવ વંદના :-

# -:શિવ ભગવાનનું ધામ તો પરમધામ છે:-

ખુદ પરમપિતા પરમાત્માએ પોતાનો પરિચય આપ્યો છે કે "હું દિવ્ય જ્યોતિર્મય રૂપ છું."

નિરાકાર શબ્દનો અર્થ સમજાવતા પરમાત્મા કહે છે કે મારો આકાર સાકાર મનુષ્ય જેવો નથી કે સુક્ષ્મ દેહધારી દેવતા જેવો પણ નથી, મારો આકાર જ્યોતિ બિંદુ અર્થાત નિરાકાર છે. બિંદુ એટલે કણ, જે જ્યોતિક્ણ હોય તેનું ક્યા આકારથી વર્ણન થઇ શકે ? માટે દર્શન કવા અલગ અલગ શિવલિંગના આકાર બનાવ્યા વળી, જ્યોતિક્ણ હોવાના કારણે આપણે માની બેઠા કે ભગવાન કણ કણમાં વ્યાપક છે. પરંતુ શિવ ભગવાનનું ધામ તો પરમધામ છે.

પરમાત્માનું "શિવ" નામ વ્યક્તિવાચક નહી પરંતુ કર્તવ્યવાચક છે.

શિવ એટલે કલ્યાણકારી, મનુષ્યને જે અવસ્થામાં રોગ અથવા શોક ન હોય, ન તો કાળનો ડર હોય અને હાનિ-સંકટની વિક્ષેપની સંભાવના ન હોય એ અવસ્થાને 'કલ્યાણાવસ્થા' કહી શકાય અત: એ સ્પષ્ટ છે કે જે સ્વયં કલ્યાણ સ્વરૂપ છે અને કલ્યાણ કરે છે તે સ્વયં તો અવશ્ય રોગ, શોક અને અશાંતિથી ન્યારા જ રહેતા હશે, ત્યારે જ તો જગતને સુખ-શાંતિ પ્રદાન કરી શકે અને સંકટ હરી શકે, જે સૌથી વધુ નામદાર છે તેને બેનામી (નામ વગરના) ધારવા એ પણ કેવી આશ્ચર્યજનક વાત છે. હા, જેમના મનમાં પરમાત્માની યાદ નથી, તેમની દૃષ્ટિએ તો પરમાત્માનું કોઈ નામો-નિશાન જ નથી. આપણે રોજબરોજના જીવનમાં એક નજર કરીએ તો જયારે કોઈ મિત્ર સંબંધી કોઈ વ્યકતિને ભુલી જાય છે તો તે વ્યક્તિ તેને ટકોર કરતા, કટાક્ષમાં કહે છે કે, "તમારા લીસ્ટમાં તો મારૂ નામ જ નથી અથવા તો મારૂ નામો-નિશાન જ ભુલાવી દીધું છે." તો ભાવ એ થયો કે એકબીજાને ભૂલી ગયા માટે બોલાવતા પણ નથી, નામ પણ લેતા નથી. વાસ્તવમાં તેનું નામ તો છે જ. યથાર્થતા તો એ છે કે પરમાત્માનું નામ સૌથી ઉચ્ચ અને પ્રાત:સ્મરણીય છે, પરંતુ લોકો આજે તેને ભૂલી ગયા છે.

-:શિવના અન્ય કર્તવ્યવાચક નામો:-

* તારક :- તારણહાર, તારનાર અથવા ઉદ્ધાર કરનાર.

* વિમોચન :- સંસારના બંધનોથી છોડાવનાર.

* અનર્થનાશન :- અનર્થનો નાશ કરનાર.

* વરદ:- વરદાનોથી બુદ્ધિ રૂપી ઝોળી ભરનાર.

* તમોહર:- તમોગુણ તથા અજ્ઞાન અંધકારને હરનાર.

* શંભુ:- સાચો શબ્દ 'સ્વયંભુ' છે અર્થાત પોતેજ પોતાની મેળે ઉત્પન્ન થયા તેમના કોઈ માતપિતા નથી.

* રૂદ્ર :- દુ:ખ હરનાર.

* ત્રિવર્ગ સ્વર્ગ સાધના:- ધર્મ, અર્થ અને કામનાઓ તથા સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર.

* પશુપતિનાથ:- માયા અને કર્મોરૂપી પાશોમાં જકડાયેલી આત્માઓને ઈશ્વરીય જ્ઞાન દ્વારા મુક્ત કરાવનાર.

* દાતા:-, , હંમેશા દેનાર, આપવાવાળા, મહાદાની.

* મહૌષધિ:- કામ, ક્રોધ, લોભ વગેરે વિકારોરુપી રોગમાંથી છુટકારો અપાવનાર પરમ ઔષધિરૂપ જેની યાદ છે.

* સર્વ પાપ હરોહર:- બધા પાપોને હરાવનાર પરિણામે "હરિ" નામથી પ્રસિદ્ધ છે.

* દયાકર :- કૃપા કરનાર, દયાળુ, કૃપાલુ, રહમદિલ.

આ નામોથી સ્પસ્ટ છે કે આત્માઓ તો અજ્ઞાનતાવશ ઘાય કરી બેસે છે અને બંધનોમાં બંધાઈ જાય છે, દુ:ખ ભોગવે છે. જયારે "શિવ" પરમાત્મા તો બધા જ આત્માઓથી ન્યારા છે. અન્ય નામોથી પણ સિદ્ધ થશે કે "શિવ" આત્માઓથી ભિન્ન છે, તેમના પ્રિયતમ છે પરંતુ આત્મા પરમાત્મા એક નથી

* બિંદુશ્રય :-. બિંદુરૂપ આત્માઓના આશ્રય કે સહારારૂપ.

* મધુપ્રિય દર્શન :- જેમના દર્શન મનોહર તથા પ્રિય લાગે છે.

* સુબ્રહ્મમણ્યમ :- બ્રાહ્મણોના પરમ હિતેશી.

* નર-નારાયણ પ્રિય:- નર-નારાયણના પ્રિયતમ.

* સર્વકાવલંબન :- બધા પ્રાણીઓને સહારો (હૂંફ) આપનાર.

* વિશ્વંભરેશ્વર :- વિશ્વનું પાલન-પોષણ કરનાર, વિષ્ણુના પણ ઈશ્વર.

* બ્રહમગર્ભ :- બ્રહ્મા પણ તેમની સમક્ષ ગર્ભના શિશુ સમાન છે.

* ત્રીલોકેશ :- ત્રણે લોકોના ઈશ – સાકારી મનુષ્ય લોક, આકારી દેવલોક, નિરાકારી

પર-લોક સાકારી દુનિયા, આકારી દુનિયા, નિરાકારી દુનિયા.

* દેવાસુરેશ્વર :- દેવતાઓ અને અસુરો બધાના ઈશ્વર.

* કર્ત :- બધાના રચયિતા.

* દેવદેવ :- દેવતાઓના પણ અધિપતિ.

* સર્વેશ્વર :- બધી આત્માઓના ઈશ્વર.

* પ્રભુ :- સર્વ સમર્થ.

* ભગવાન :- સંપૂર્ણ ઐશ્વર્ય, ધર્મ, જ્ઞાન તથા અનાસકતિના આશ્રય.

* પુરાતન :- સૌંથી જૂના, પ્રાચીન.

મહાદેવ, મહેશ્વર :- બ્રહ્મા-વિષ્ણુ-શંકર એ ત્રણે દેવોથી પણ મહાન અથવા તેમના પણ ઈશ્વર.

* ગુણાકાર :- સદગુણોની ખાણ અને ગુણોમાં સર્વશ્રેષ્ઠ અર્થાત ગુણોત્તમ.

****